જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૧૧/૨૦૧૪ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૭૧૯/૧૪**

## ચોરી, લુંટ, ઘરફોડ ના ૨૬ ગુનાઓ આચરનાર બે ઇસમોને પકડી પાડતી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસઓજી ક્રાઇમ બ્રાંન્ચ તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રન્ચ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એસઓજી ક્રાઇમના પો.સ.ઇ.શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી સી.બી.ગામીત તથા સ્કોડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના હેડની લગતી કામગીરી કરવા અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગમાં ફરતા ફરતા કલાક ૨૧/૦૦ વાગે નારોલ સર્કલ પાસે આવતા બાતમી હકીકત મળેલ કે " બે ઇસમો નામે (૧) દિનેશ ઉર્ફે દીલીયો ઠાકોર તથા (૨) ઇનેશ સલાટ બંન્ને રહે, માનવનગર, વટવા, અમદાવાદ નાઓ પોતાની પાસે એક ચોરીનો મોબાઇલ કે જે તેઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી કરેલ છે તે લઇને ચંડોળા તરફથી ચાલતા આવી અત્રે થઇ વટવા ગામ તરફ જનાર છે" વિગેરે હકીકત આધારે નં(૧) દીનેશ ઉર્ફે દીલીયો s/o ઘનશ્યામભાઇ ઠાકોર ઉવ.૩૮ રહે. ૧૨૪, માનવનગર સોસાયટી, વટવા તથા એસ.એલ.એમ. ના છાપરાં વટવા, અમદાવાદ તથા નં.(૨) ઇનેશ આનંદભાઇ સલાટ ઉવ.૨૩ રહે, ૧૯૪, માનવનગર સોસાયટી, વટવા, અમદાવાદ નાઓ મળી આવેલ. જેઓની વારાફરતી અંગઝડતી તપાસ કરતાં નં.(૧) પાસેથી કંઇ મળી આવેલ નહી અને નં.(૨) ના ઇનેશ આનંદભાઇ સલાટના પેન્ટના ખિસ્સામાંથી સેમસંગ કંપનીનો સફેદ કલરનો ૧૮૨૬૨ મોડલનો IMEI નંબર (૧) ૩૫૭૦૮૯૦૫૬૫૭૧૫૮૩ (૨) ૩૫૭૦૯૦૦૫૬૫૭૧૫૮૧ નો સીમકાર્ડ વગરનો જેની કિ.રૂ.૭,૦૦૦/- ગણાય. જેઓને મોબાઇલ ફોન બાબતે તેઓને પુછપરછ કરતાં પાંચેક મહીના અગાઉ વટવા બીબી તળાવ પાસે આવેલ સ્વામી સદાનંદ હોસ્પિટલ ખાતેથી ચોરેલાનું જણાવેલ. જેથી આ બાબતે ખાત્રી તપાસ કરતાં વટવા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૨૫/૧૪ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ ગુનો દાખલ થયેલ છે. ઉપરોકત મોબાઇલ ફોન સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લઇ ઉપરોકત બંન્ને ઇસમોને સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ તા.૦૪/૧૧/૨૦૧૪ ના કલાક ૨૧/૪૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે. અને જેઓએ નીચે મુજબના અમદાવાદ શહેર વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તાર તથા નડીયાદ જીલ્લામાંથી નીચે મુજબ ચોરી, ઘરફોડ ચોરી તથા લુંટના ગુના કરેલાની હકીકત જણાવેલ છે.

1. આશરે ત્રણેક મહીના અગાઉ વટવા આસોપાલવ સોસાયટી ખાતે એક મકાનમાંથી તિજોરીમાંથી રોકડા રૂ.૫૦૦૦/- તથા પરચુરણ ની ચોરી કરેલ.
2. આશરે એકાદ વર્ષ અગાઉ દીવાળી સમયે આસોપાલવ સોસાયટી વટવા એક મકાનમાંથી સોનાની કાનની બુટી, ચાંદીનો દોરો, ચાંદીની પગની માછલી તથા રોકડા રૂ.૨૫૦૦/- ની ચોરી કરેલ
3. આશરે ત્રણેક મહીના અગાઉ પીકનીક પાર્ક વટવા હીપ આર્ટીકલની દુકાનમાંથી રોકડા રૂ.૧૦,૦૦૦/- તથા રમકડાંની ચોરી કરેલ.
4. આશરે ચારેક વર્ષ અગાઉ એસ.એલ.એમ. નાં છાપરામાંથી રોકડા રૂ.૩૦૦૦/- ની ચોરી કરેલ.
5. આશરે ચારેક વર્ષ અગાઉ એસ.એલ.એમ. ફેક્ટરીમાંથી ભંગારની ચોરી કરેલ.

6. આશરે ત્રણેક વર્ષ અગાઉ એસ.એલ.એમ. ચાલી અનાજના દુકાનનું તાળું તોડી રૂ.૧૦,૦૦૦/- ની ચોરી કરેલ.
7. આશરે એકાદ વર્ષ અગાઉ વટવા બચુભાઇના કુવા તળાવ પાસે સ્કુલ નીચે સ્ટેશનરીની દુકાન રોકડા રૂ.૧૫,૦૦૦/- ની ચોરી કરેલ.
8. આશરે બે વર્ષ અગાઉ ઠાકોરવાસ માતાજીના મંદિર પાસે કુંમ્ભારની દુકાનની બાજુમાં કપડાની દુકાનમાંથી રોકડા રૂ.૨૫,૦૦૦/- તથા પેન્ટ તથા ટી-શર્ટ ની ચોરી કરેલ.
9. આશરે એકાદ વર્ષ અગાઉ વાંદરવટ તળાવ વટવા ભૈયા લોકો રહે છે ત્યાં એક મકાનમાંથી રોકડા રૂપિયા ૧૦ થી ૧૫ હજારની ચોરી કરેલ.
10. આશરે દોઢ બે મહીના અગાઉ ભાડીયા ગરનાળાં સમશાન પાસે વટવા ખાતે એક માણસને છરો બતાવી સોનાની વીટી ચાર તથા સ્લાઇડર ફોન -૧ તથા રોકડા રૂ.૧૫,૦૦૦/- ની લુંટ કરેલ.
11. આશરે એકાદ વર્ષ અગાઉ નીલકંઠ સોસાયટી પી.આઇ.ના બંગલા પાસે વટવા એક મકાનમાંથી સોનાનું મંગળસુત્ર, ચાંદીની પાયલ, કાનની સોનાની શેર, સોનાની બુટ્ટી, ચાંદીની પગની માછલી તથા રોકડા રૂ.૧૫,૦૦૦/- ની ચોરી કરેલ.
12. આશરે એકાદ વર્ષ અગાઉ કેડીલા બ્રીજ નીચે એક ઇસમ પાસેથી ઘડિયાળ, સોનાની વીટી તથા રોકડા રૂ.૪૦૦૦/- ની લુંટ કરેલ
13. આશરે દસ પંદર દિવસ પહેલા બચુભાઇના કુવા ટેકરા જતા રસ્તા ઉપર અનાજની દુકાનમાંથી તેલના ડબ્બા-૨ તથા ખાંડની બોરી-૧ તથા ચોખાની બોરી -૧ તથા સાબુની પેટી-૧ તથા પરચુરણ સામાનની ચોરી કરેલ.
14. આશરે બે વર્ષ અગાઉ વટવા ગામ દેવી માતાના મંદિર પાસે ભૈયાની ચાલી એક મકાનમાંથી સોનાની બંગડી, કાનની શેર, અંગુઠાની સોનાની વીટી નંગ-૨, ચાંદીનો કંદોરો, ગળામાં પહેરવાનું ચકતુ નંગ-૨ ની ચોરી કરેલ.
15. આશરે બે વર્ષ અગાઉ રોપડા ગામની આગળ હાર્ડવેર ની દુકાનમાંથી ત્રિકમ-૧૫, પાવડા-૧૫ તથા રોકડા રૂ.૨૦,૦૦૦/- ની ચોરી કરેલ.
16. ગઇ દીવાળી પહેલા ચારેક દીવસ અગાઉ પરદેશીનગર જવાના રસ્તે રીંગ રોડ જવાના રસ્તા ઉપર મકાનમાંથી રોકડા રૂ.૧૫,૦૦૦/- તથા જીન્સ પેન્ટ તથા સોનાની વીટી તથા કાનની સોનાની કડી નંગ-૨ તથા લેડીઝ ઘડિયાળ ની ચોરી કરેલ.
17. આશરે પંદરેક દીવસ અગાઉ આવકાર હોલ ઇસનપુર ઘોડાસર ઓટોરીક્ષામાંથી નજર ચુકવી સોનાની ચેઇન તથા રૂ.૧૫,૦૦૦/- ની ચોરી કરેલ.
18. આશરે એકાદ વર્ષ અગાઉ ઇસનપુર ચાર રસ્તા બ્રીજના છેડે કપડાની દુકાનમાંથી રોકડા રૂ.૪૦,૦૦૦/- તથા જીન્સના પેન્ટ
19. આશરે ત્રણેક વર્ષ અગાઉ જશોદાનગર ટેકરા નીચે સોના ચાંદીની દુકાનનું તાળું તોડી રોકડા રૂ.૭૦૦૦/- તથા પગનાં છડા નંગ-૩ ની ચોરી કરેલ.
20. આશરે ગઇ હોળી અગાઉ વિજોંલ સર્કલ રોડ ઉપર એક ભૈયાજીને છરો બતાવી રૂ.૨૫,૦૦૦/- ની લુંટ કરેલ.
21. આશરે ગઇ હોળી અગાઉ રામોલ ચાર રસ્તા રામદેવપીરના મંદિર પાસે અનાજની દુકાનમાંથી ચોખાની બોરી નંગ-૫ તથા તેલના ડબ્બા નંગ-૫ ની ચોરી કરેલ.
22. ગઇ દીવાળી પહેલા જશોદાનગર ચોકડીથી પેસેન્જર રીક્ષામાં નજર ચુકવી રોકડા રૂ.૨૫,૦૦૦/- ની ચોરી કરેલ.

23. ગઇ દીવાળી પહેલા ઓઢવ વેપારી મહામંડલ સર્કલથી ઓટોરીક્ષામાં બેસી રામોલ તરફ જતી વખતે પેસેન્જરની નજર ચુકવી બેગમાંથી હાથમાં પહેરવાનો ચાંદીનો પંજો, નાના છોકરાના ચાંદીના કડા, સોનાની કાનની વાળી ની ચોરી કરેલ.

24. ગઇ દીવાળી પહેલા અસલાલી ટાયરની દુકાનમાંથી ૨૨ ટાયરની ચોરી કરેલ.

25. આશરે બે વર્ષ અગાઉ ઉતરસંડા રેલ્વે સ્ટેશનની સામે ઇલેક્ટ્રિકની દુકાનમાંથી રોકડા રૂ.30,000/- ની તથા ઇલેક્ટ્રિક સામાનની ચોરી કરેલ.

**દાહોદ જિલ્લાના બે ઇસમોને પિસ્ટલ તથા દેશી તમંચા સહિતના ચાર હથિયારો તથા કારતુસ નંગ-૩૫ સાથે ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર**

મહોરમના તહેવાર અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ મહોરમનું ઝુલુસ શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી અમદાવાદ શહેર, પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા સાહેબ તથા ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે. શર્મા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા સાહેબ નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી. ચૌધરી નાઓના માર્ગદર્શન હેઠળ બંદોબસ્ત પેટ્રોલીંગમાં પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.આર. ટંડેલ નાઓ પોતાની ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.બી.દેસાઈ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી જે.એન. ચાવડા તથા સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે તા.૦૪/૧૧/૨૦૧૪ નારોજ સાંજના સમયે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમિયાન પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.આર. ટંડેલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ગીતામંદિર ચાર રસ્તા આગળથી (૧) ગૌતમ ઉર્ફે ગૌરાંગ નારસિંગ પટેલીયા, ઉ.વ.-૨૩, રહે. ગામ સીમલાઘસી, પટેલ ફળીયુ, તા. દેવગઢ બારીયા, પોસ્ટ ઝાબ, જિ.દાહોદ (૨) ઇલીયાસ ઉર્ફે ગુડ્ડુ સલામભાઈ મન્સુરી ઉ.વ.-૩૪, રહે. ગામ સીમલાઘસી, પટેલ ફળીયુ, બળવંતભાઈ ડાયરાના મકાનમાં, તા. દેવગઢ બારીયા, જિ.દાહોદ નાઓને રોકી લઈ જરૂરી કાર્યવાહી કરી બન્નેની ઝડતી તપાસ કરતા તેઓના કબ્જામાંથી પાસ પરવાના વગરની દેશી બનાવટની મેગઝીન વાળી પિસ્ટલ નંગ–૨, દેશી બનાવટના તમંચા નંગ-૨ તથા કારતુસ નંગ – ૩૫ મળી કુલ રૂ.૫૬,૭૫૦/- સાથે મળી આવતા જે કબ્જે કરી સદર ઈસમોની તા.૦૪/૧૧/૨૦૧૪ નારોજ રાત્રીના ધરપકડ કરવામાં આવેલ છે.

સદર ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે. સદર ઇસમોની પુછપરછ દરમિયાન કબ્જે કરવામાં આવેલ હથિયારો તથા કારતુસો વિનોદ ઉર્ફે વિનીયો માધુ દલા લુહાર (રાઠવા) રહે. ગામ સીમલાઘસી, લુહાર ફળીયુ, તા. દેવગઢ બારીયા, જિ.દાહોદનાએ સુરેશ લઘરાભાઈ કિહલા રહે. ગામ અમરાપર, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર વાળા નાઓને વેચાણ આપવા સારૂ મોકલતા લઈ આવેલ હોવાનું ખુલવા પામેલ હોય, આ દીશામાં તપાસ હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.